## જન્મદિને વધામણી



રમીલાબેન શાંતિલાલ ઘોઘારી
મો. ૯૯૨૫૦ ૪૩૭૪૦



રમેશચંદ્ર કચરાભાઈ શ્રીમાળી
સેક્રેટરી, શ્રી મહાલક્ષ્મી કો-ઓપ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લિ., ગાંધીનગર
મો. ૯૪૨૮૮ ૧૪૨૪૬



દક્ષાબેન શુક્લ
સહમંત્રી
બ્રહ્મસમાજ મહિલા પાંખ
મો. ૭૫૬૭૭ ૯૧૪૨૭



દર્શનાબેન ત્રિવેદી



ઉષા જે ગજ્જર
પાસ્ટ પ્રેસીડેન્ટ
લાયોનેસ ક્લબ



ક્રિમા તલાટી
જસ્ટ મિરર બ્યુટી સલૂન એન્ડ એકેડેમી



જીલ હર્ષદકુમાર પટેલ
મો. ૯૮૭૯૧ ૮૫૯૧૮



પૃથ્વીરાજ એસ ડોડિયા
મો. ૯૭૧૪૬ ૨૬૪૭૬



સંત રોહિદાસ મંદિર, સૅક્ટર-૬ સી ખાતે કિડ્સ વર્લ્ડ સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ શનિવારે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં કિડ્સ વર્લ્ડની સૅક્ટર-૩, સૅક્ટર-૬, સૅક્ટર-૨૬ અને વાવોલ શાખાના વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત નૅશનલ ઍન્થેમથી થઈ હતી. ત્યારબાદ ઈન્ડિયન આર્મી બૅન્ડ ઉપર નાના ભૂલકાઓએ પરેડ કરી હતી. શિયાળાની સવારમાં બાળકોએ સૂર્યનમસ્કાર અને યોગા પણ કર્યા હતા. ત્યારબાદ ફ્રોગ જમ્પ, લેમન સ્પૂન, બાસ્કેટ ઈન ધ બૉલ જેવી વિવિધ રમતોમાં ભૂલકાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને આનંદ પ્રાપ્ત કર્યો હતો. બાળકોની સાથે વાલીઓએ પણ રસ્સાખેંચ જેવી રમતમાં ભાગ લઈ આનંદ પ્રાપ્ત કર્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓ અને વાલીઓને મૅડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

# પિલવાઈ કૉલેજમાં પ્રિ-અભિમન્યુ સૅમિનાર અને મતદાર જાગૃતિ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉમર્સ કૉલેજ, પિલવાઈમાં રાજ્ય તથા રાષ્ટ્રકક્ષાએ લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે જાગૃતિ કેળવવા માટે એક દિવસના પ્રિ-અભિમન્યુ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાબેન દીપચંદ ગાર્ડી ચૅર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ તથા પિલવાઈ કૉલેજના કેરિયર ગાઈડન્સ સૅલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સૅમિનારમાં ડૉ. રાજેશ પટેલ, અવનીબેન આલ તથા પ્રફુલ્લ ગઢવી દ્વારા વિદ્યાર્થીઓને જીપીઍસસી અને યુપીઍસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા તેની તૈયારીઓ અંગે સચોટ અને રસપ્રદ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. સંજય શાહે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓનું મહત્ત્વ સમજાવ્યું હતું. સમગ્ર સૅમિનારનું સફળ આયોજન કૉલેજના કેરિયર ગાઈડન્સ સૅલના સંયોજક ઍસ બી નાયી અને ઍસ ડી પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

સૅમિનારની શરૂઆતમાં યુવા દિવસની ઉજવણી પણ કરવામાં આવી હતી. સંસ્થાનાં સંયોજક ઍમ ઍસ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં અધ્યાપક નિકુલ પટેલે વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવનના પ્રેરક પ્રસંગોથી અવગત કરાવ્યા હતા.

કૉલેજ ખાતે મતદાર જાગૃતિ દિવસની પણ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. લોકશાહીમાં મતદાનનું મહત્ત્વ સમજાવવા મામલતદાર કચેરી, વિજાપુર તથા પિલવાઈ કૉલેજના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં સંસ્થાની ત્રણેય ફૅકલ્ટીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નાયબ મામલતદાર જયેશ પરમારની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં વિજાપુર તાલુકાના મતદાર જાગૃતિ અંગેના સંયોજક કે ઍસ ભટ્ટ દ્વારા મતદાન જાગૃતિ અંગે રસપ્રદ વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. સંજય શાહે વિદ્યાર્થીઓને મતદાનને પવિત્ર ફરજ સમજી વિવિધ ચૂંટણીઓમાં મતદાન કરવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

# નૅશનલ હૂપકોન્ડો સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલય વિજેતા



જિજ્ઞા આશા કાજલ ભાવિષા જાનકી

રાષ્ટ્રકક્ષાની હૂપકોન્ડો સ્પર્ધા તાજેતરમાં ઈન્દોર (મધ્યપ્રદેશ) ખાતે યોજવામાં આવી હતી જેમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ)ની ખેલાડી બહેનોએ વિજેતા બની શહેર અને રાજ્યનું નામ રોશન કર્યું હતું. આ વિજેતા ટીમમાં જિજ્ઞા શંકરભાઈ ચૌધરી, આશા પેથાભાઈ ચૌધરી, કાજલ ભારમલભાઈ ચૌધરી, ભાવિષા વાસુદેવભાઈ ચૌધરી તથા જાનકી ભગવાનભાઈ ચૌધરી સામેલ હતાં. આ તમામ વિદ્યાર્થીનીઓને આચાર્ય સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈએ સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# ઍનઍસઍસ સ્વયંસેવકો દ્વારા વિશેષ સફાઈ અભિયાન યોજાયું



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના ઍનઍસઍસ યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાયણ પછી વેરવિખેર અને અહીંતહીં ફસાયેલી દોરીઓ, પતંગ ભેગાં કરી તેનો નાશ કરવામાં આવ્યો હતો. ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શનમાં અલગ અલગ ટુકડીઓ પાડીને સૅક્ટર-૨૨ તથા ઘ રોડથી પેથાપુર સુધીના રસ્તામાં રહેલા આવા દોરી-પતંગ એકઠા કરીને તેનો સર્વનાશ કરવામાં આવ્યો હતો. આચાર્ય વિનોદ પટેલે વિદ્યાર્થીઓની સમજ, તેમના જીવદયા પ્રેમને બિરદાવી તેમને દાદ આપીને ધન્યવાદ પાઠવવામાં આવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

એક નાનકડો છોકરો સંસદ ભવન તરફ જવાના રસ્તા પાસે પોતાની સાઈકલ મૂકીને જઈ રહ્યો હતો ત્યારે એક પોલીસ કર્મચારીએ તેને રોક્યો ને પૂછ્યું,

‘તને આ રોડ વિશે ખબર નથી કે શું ? આ રસ્તા ઉપરથી ઘણા સાંસદો પસાર થાય છે, ક્યારેક મુખ્યમંત્રી પસાર થાય છે. એ તો ઠીક પણ પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ અને કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો પણ આ જ રસ્તા પરથી પસાર થાય છે. અને તું અહીં તારી સાઈકલ મૂકીને જઈ રહ્યો છે ?’

છોકરાએ નિર્દોષતાથી જવાબ આપ્યો,

‘વાંધો નહીં સાહેબ, મેં મારી સાઈકલ લૉક કરી છે.’

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(ઉડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(ઉડી અંગ્રેજી)
૮.૦૦

**સ્ક્રીન-૪**
ધ ફ્રૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફ્રૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

# નાણાંવટી સ્કૂલનો દમદાર રમતોત્સવ







સૅક્ટર-૬ ખાતે કાર્યરત નાણાંવટી સ્કૂલ દ્વારા વાર્ષિક રમતોત્સવ શનિવારે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ રમતોના અંતે વિજેતા વિદ્યાર્થીઓનાં નામોની જાહેરાત કરવામાં આવી હતી, જેમને ટાઉનહૉલ ખાતે યોજાનારા સંસ્થાના વાર્ષિક કાર્યક્રમમાં પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવશે. સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# અનેક લોકોની પ્રેરણાનું યોગદાન મારા જીવનઘડતરમાં રહ્યું છે

## સ્વજનો અને સહકાર્યકરોનું અપાર માર્ગદર્શન મારી સિદ્ધિનું સોપાન છે, જીવન સંઘર્ષમાં ઝઝૂમવાની વ્યવહારતાલીમ અને સાથ આપનાર મારાં પ્રેરક પાત્રો જ મારે મન પ્રભુ સમાન છે.

**સંવેદના — મારી જીવન પ્રેરણા**

જિંદગીના રંગમંચના નેપથ્યમાં રહી પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે અનેક લોકોની પ્રેરણાનું યોગદાન મારા જીવનઘડતરમાં રહ્યું છે.

બાળપણથી શરૂ કરું તો માતાપિતાની છાયા ન રહેતાં અનેક સંઘર્ષોનો સામનો કરવા છતાં કોઈપણ ફરિયાદ વગર પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી ઍમઍ (સંસ્કૃત) સાથે પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થઈ જગદગુરુ શંકરાચાર્યજીના વરદ હસ્તે સુવર્ણચંદ્રક મેળવનાર મારાં મોટાં બહેન પ્રમિલા (મારાં વહાલાં પમી) મારું સૌપ્રથમ પ્રેરણાધામ.

અભ્યાસ, શિસ્ત અને સંસ્કારના ત્રિવેણી સંગમની પ્રેરણા દ્વારકાની એસીસી સ્કૂલના પ્રિન્સિપાલ મૂળશંકર ભટ્ટસાહેબ પાસેથી મળી.

‘વસુધૈવ કુટુંબકમ્’ની સંકલ્પના સાકાર કરી દિવ્ય સમાજના નિર્માતા પૂ. દાદા તેમજ પૂ. ગુરુદેવ જેવા આધ્યાત્મિક ગુરુઓની પ્રેરણાએ મારી આધ્યાત્મિક પિપાસા સંતોષી.

માનવમાત્રને ત્રિકાળ સંધ્યાની ભેટ ધરનાર જ્ઞાન, કર્મ, ભક્તિના સંપુટ સમા સ્વાધ્યાય પરિવારના પૂ. દાદા-પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીના જીવન કવનમાંથી કૃતજ્ઞતા, અસ્મિતા, તેજસ્વિતા અને ભાવપૂર્ણતાયુક્ત સહજ અને સરળ જીવન જીવવાની પ્રેરણા મળી. ભક્તિની મજબૂત બેઠક પર જ્ઞાનક્ષિતિજોને વિસ્તારવામાં તેમજ ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠતા સમજવામાં પૂ. દાદાએ આપેલા વિચારો દ્વારા જીવન અને સૃષ્ટિ તરફ જોવાનો વિધાયક દૃષ્ટિકોણ સાંપડ્યો. ભાવગીતો ગાતાં અને જીવતાં શીખી. પૂ. દાદાના વિચારોનું ભાથું મારી લેખન, સર્જનાત્મકતામાં ઉપયોગી બની રહ્યું.

એ જ રીતે વ્યક્તિવિકાસ કેન્દ્રના પ્રણેતા પૂ. શ્રીશ્રી રવિશંકરજીના વ્યાવહારિક જ્ઞાને સર્વોત્તમ જીવન કલા શીખવી. સ્વસ્થ જીવનની ચાવીઓ જેવા યોગ, ધ્યાન, પ્રાણાયામ સાથે સુદર્શન ક્રિયાની જડીબુટ્ટીએ જીવનને ઉત્સવમાં રૂપાંતરિત કર્યું તેથી જ તો નિવૃત્તિ બાદ પણ સેવા, સાધના, સત્સંગ જેવી પ્રવૃત્તિઓ દ્વારા પ્રવૃત્ત રહી છું. આ માર્ગની પ્રેરણા આપનાર ડૉ. બીજલ પટેલની હું આભારી છું.

ડૉ. જિતેન્દ્ર અઢિયાના પ્રેરણા ઝરણા પુસ્તકે પણ મારા મનોબળને દૃઢ કરી મારી જીવનશૈલીને બદલવામાં તેમજ વિદ્યાર્થીઓને સકારાત્મક વિચારો કરવા માટે પ્રેરણા આપી છે.

શહેરના નિષ્કામ કર્મયોગી દંપતિ ખારોડસાહેબ તેમજ જગુબેને સમાજસેવાનાં કાર્યો કરવાની પ્રેરણા આપી તો મનિષાબેન ત્રિપાઠીએ ‘યા હોમ કરીને પડો, ફતેહ છે આગે’ જેવા ઉત્સાહભર્યા મંત્રો ફૂંકી ‘કુછ હટકે’ જિંદગી જીવવાની જડીબુટ્ટી આપી છે.

માઉન્ટ કાર્મેલ શાળામાં અપાતા મૂલ્યલક્ષી શિક્ષણના પાઠોમાંથી મળતા મૂલ્યોની પ્રેરણા તો જીવનમાં ડગલે ને પગલે સહાયક બની. તો સાંસારિક કે ઘરેલૂ બાબતોમાં મીતાબેન અને પુષ્પાબેનના સહકારે ઘણી ગૂંચો ઉકેલવા પ્રેરી.

મારા જીવનપુષ્પની એક એક પાંખડીને પ્રેમાળ સ્પર્શથી ખીલવી મારા જીવનકુસુમને સુરભિત બનાવનાર પ્રત્યેક પ્રેરણામૂર્તિને હું સાદર વંદન કરું છું.

-કુસુમબેન રાજન જોષી
સૅક્ટર-૨૦

---

પરમ કૃપાળુ પરમાત્માએ મને માનવ અવતાર અર્પી ધરતી માતાના ખોળામાં ઝૂલતો કર્યો. મારી માતા દ્વારા કરૂણા, સહનશીલતા, ધૈર્ય, પ્રેમ, સાહજિકપણું, સંસ્કારોનું સિંચન થયું. પિતા દ્વારા સાહસિકતા, ઉદ્યમ, નીડરતા, હિંમત, શૌર્યપણું, બાહોશપણાની ભેટ તેમજ આગળ વધવાની પ્રેરણા સાંપડી. મારી શૈક્ષણિક કારકિર્દીમાં ગુરુજનોમાં સ્વ. શાંતિલાલ કોઠારી દ્વારા અંગ્રેજી પરનું પ્રભુત્વ પ્રાપ્ત કરવા આકર્ષણ સાંપડ્યું. સતિષભાઈ દેસાઈની મદદથી ગુજરાતી ભાષા તરફનો ઝોક અને સ્વ. ઈશ્વરભાઈ પટેલ દ્વારા કૉલેજકાળના પ્રથમ પગથિયામાં ભૌતિકશાસ્ત્ર વિષય પરત્વે વિશેષ રસ જાગૃત થયો.

મિત્રોમાં અંબાલાલ પ્રજાપતિ અને ભાનુમતિબેન પંડ્યા દ્વારા મોતીના દાણા જેવા મરોડદાર અક્ષરની પ્રેરણા મળી. સહાધ્યાયીઓમાં સ્વ. ડી એમ વસૈયા અને અનિલા દેસાઈની મદદથી અભ્યાસમાં હરીફાઈ દ્વારા ઉડાન કરવાનું પ્રેરણાબળ પ્રાપ્ત થયું. સગાસંબંધીઓમાં ફુઆ અને મામા દ્વારા અભ્યાસ માટે પોષક બળ મળ્યું. જેના આધારે મારા છોડરૂપી જીવન શિક્ષણમાં ખાતર, પામી અને સૂર્યપ્રકાશ મળતાં નવપલ્લવિત બનવાનો અનેરો અવસર પ્રાપ્ત થતાં જીવન ધન્ય બન્યું. સ્વ. વંદનીય સવિતામામીની ધાર્મિક પ્રેરણાથી જીવનરથની યાત્રામાં વિશેષ સુસંસ્કાર પ્રાપ્ત થયા.

આઈ કૅન વિન અને ડૉ. એ કે વીજળીવાળાના સાયલન્સ પ્લીઝ પુસ્તક દ્વારા જીવન સુવાસિત બનાવવામાં સિંહફાળો મળ્યો. સાંસારિક જીવનને નવપલ્લવિત અહર્નિશ રાખવામાં યોગદાન આપનાર ધર્મપત્નીને પ્રેરણા સ્ત્રોત તરીકે વિસરી જાઉં તો નગુણો ગણાઉં. સહકાર્યકર, પથદર્શક પ્રદીપભાઈ ગગલાણી, સ્નેહી શૈલેષભાઈ પંડ્યા અને માર્ગદર્શક ડૉ. પી જી પટેલના પ્રોત્સાહનથી વિદ્યાવાચસ્પતિની મોટી ઉંમરે પદવી પ્રાપ્ત કરી શક્યો એય વળી કેમ ભૂલાય ?

મારી જીવનયાત્રાના પ્રેરણાસ્ત્રોત એવા મહાનુભાવોની મહાનતા જ મારી માર્ગદર્શક રહી છે. સ્વજનો અને સહકાર્યકરોનું અપાર માર્ગદર્શન મારી સિદ્ધિનું સોપાન છે. જીવન સંઘર્ષમાં ઝઝૂમવાની વ્યવહારતાલીમ અને સાથ આપનાર મારાં પ્રેરક પાત્રો જ મારે મન પ્રભુ સમાન છે.

-જયેન્દ્ર ઍન પાઠક

---

મારી જીવન પ્રેરણા એટલે મારો પરિવાર. ઉચ્ચ સંસ્કારોનું સિંચન ને મારું ઘડતર કરનારાં માતાપિતા એ મારી પ્રેરણા છે.

માત્ર ૧૨ વર્ષની કુમળી વયે પિતાની છત્રછાયા ગુમાવીને અસંખ્ય મુશ્કેલીઓનો સામનો કરીને આર્થિક, સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતાનાં શિખરો સિદ્ધ કરી એ મારા પિતા ચંદ્રકાંત મોતીલાલ શુક્લ (વીરમગામના નિવૃત્ત શિક્ષક અને પ્રખર જ્યોતિષશાસ્ત્રી) મારા જીવન પ્રેરણાના સ્ત્રોત છે.

નાણાંનું મૂલ્ય, બચત અને ખર્ચ, જરૂરિયાત અને શોખનો ભેદ અને સમજ એ મારા પિતાની મને મળેલ શીખ છે.

ત્યાગ, ભોગ, પરિવાર માટે કંઈ કરી છૂટવાની ભાવના એવી નિઃસ્વાર્થ જીવન વ્યાખ્યા ધરાવતાં મારાં માતુશ્રી રેણુકાબેન મારી જીવન પ્રેરણાનું પ્રથમ પગથિયું છે. કારકિર્દી માટે ભણતરની સાથોસાથ ગણતર પણ જરૂરી છે તે સાબિત કરતાં મારા મોટાભાઈ હરિવંશરાય મારા કાર્યદત્ત પ્રેરણા છે.

‘વ્યક્તિના સર્વાંગી વિકાસમાં ચાવીરૂપ પરીબળપાત્ર એટલે પત્ની.’ ચાર દિવાલ એટલે ઘર નહીં પરંતુ પરિવારના વિકાસ માટે દિન-પ્રતિદિન પ્રવૃત્તિમય, પતિની સાથે દરેક પરિસ્થિતિમાં અડીખમ રહેતી મારી પત્ની એ મારા યશગાથાની પ્રેરણા છે.

-કમલનયન સી શુક્લ
સૅક્ટર-૬ બી